ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E C.- Minuets 26 th Nov.'18 / ૨૦૧૮ -૧૯ / 1314 તા. ૨૯ / ૧૧ /'૧૮

પ્રતિ,
ડૉ. શ્રી સી.બી.જાડેજા.
માનનીય કુલપતિશ્રી,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ-કચ્છ.

**વિષય :** ગત તારીખ ૨૬મી નવે.' ૨૦૧૮નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને **તારીખ ૨૬મી નવે.'૨૦૧૮**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કુલસચિવ
ઈ/ચા કુલસચિવ
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

# તારીખ ૨૬મી નવેમ્બર ૨૦૧૮નાં રોજ બપોરે ૦૩ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૨૬મી નવેમ્બર ૨૦૧૮ને સોમવારનાં બપોરે ૦૩ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| **સભ્યશ્રીનું નામ અને હોદ્દો** | **હાજર / ગેરહાજર** |
|---|---|
| ડૉ.શ્રી સી.બી.જાડેજા **–અધ્યક્ષશ્રી**<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. . | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન, **–સભ્યશ્રી**<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| પ્રો.ડૉ.શ્રી ડી.એમ.બકરાણીયા **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| પ્રો. ડૉ.શ્રી પી. એસ.હિરાણી **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એસ.જી.ધર્માણી **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર – કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એમ.કે.પંડયા **–સભ્યશ્રી**<br>સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર – કચ્છ. | ગેરહાજર |
| પ્રો ડૉ. શ્રી એમ.જી.ઠકકર **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ. | ગેરહાજર |

| | |
|---|---|
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–સભ્યશ્રી**<br>એસોસીયેટ પ્રોફેસર, ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ – કચ્છ. | |
| શ્રી પ્રવિણભાઈ પિંડોરીયા **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ – કચ્છ. | હાજર |
| શ્રી અરૂણભાઈ ભીન્ડે **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, આદિપુર –કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી તેજલ શેઠ **–મેમ્બર સેક્રેટરી**<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.) | હાજર |

**૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

ગત તારીખ ૨જી ઓકટો. ૨૦૧૮ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧ :** **ગત તારીખ ૨જી ઓકટો. ૨૦૧૮ના રોજની મળેલ સભાની મિનિટ્સ નોંધને આથી સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

**૨. યુથ ફેસ્ટીવલમાં થયેલ ખર્ચને બહાલી બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ અન્વયે યોજયેલ ૧૫મા યુવા મહોત્સવનાં આયોજન સંબંધે થયેલ નાણાકીય ખર્ચને બહાલ રાખવા અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૨ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,૧૫મા યુવા મહોત્સવનાં આયોજન સંબંધે થયેલ નાણાકીય ખર્ચની સમીક્ષા કરવાની શરતે બહાલ રાખવામાં આવે છે આ સમીક્ષા સંબંધે પ્રો. ડૉ. શ્રી પી. એસ.હિરાણીની નિયુક્તિ અધ્યક્ષ તરીકે કરવામાં આવે છે આ અંગેનો અહેવાલ દિન–૧૫માં આપવાનો રહેશે.**

**૩. કોન્વોકેશનમાં થયેલ ખર્ચને બહાલી બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ અન્વયે યોજયેલ પરીક્ષાઓ સંબંધે પાસ થયેલ વિદ્યાર્થઓને પદવી એનાયત કરવા માટે યોજાયેલ ૮મા પદવીદાન સમારંભનાં આયોજન સંબંધે થયેલ નાણાકીય ખર્ચને બહાલ રાખવા અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૩ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,૮મા પદવીદાન સમારંભના આયોજન સંબંધે થયેલ નાણાકીય ખર્ચને આથી બહાલ રાખવામાં આવે છે.**

## ૪. ઉત્તરવહીના ટેન્ડર બાબત :

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭ –૧૮ અન્વયે યોજયેલ પરીક્ષાઓ માટે તાત્કાલીક ઉભી થયેલ ઉત્તરવહીનીઓનાં છાપકામની જરૂરિયાત સંબંધે હાથ ધરાયેલ કાર્યવાહીને બહાલ રાખવા અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૪ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૭ –૧૮ અન્વયે યોજયેલ પરીક્ષાઓ માટે તાત્કાલીક ઉભી થયેલ ૭૦,૦૦૦ ઉત્તરવહીનીઓનાં છાપકામની જરૂરિયાત સંબંધે, સમય માર્યાદાને ધ્યાને લેતાં સદર છાપકામ માટે હાથ ધરાયેલ કાર્યવાહીને બહાલ રાખવામાં આવે છે.**

**વર્તમાન એજન્સી ક્રિસ્ટલ ફોર્મસ,અમદાવાદ પાસેથી નવા ટેન્ડરમાં દર્શાવેલ ભાવ મુજબ ચૂકવણું કરવું.**

**વધુમાં હાલે, સદર કામગીરી બિંદીયા એન્ટરપ્રાઈઝ, ખેડાને ફાળવવામાં આવેલ છે, જેનાં ૨૦% જેટલા ભાવનાં દરો વધારે જણાયેલ છે માટે ફરી ટેન્ડર પ્રક્રિયા યોજીને ઉત્તરવહીનીઓની છાપકામ કામગીરી માટે ફાળવણી કરવી તથા ટેન્ડર એવી એજન્સીઓ પાસેથી જ મંગાવવા કે જેઓ પાસે RBI / IBA સર્ટીફિકેટ હોય તથા સિક્યુરીટી કોર્ડ પણ સામેલ હોય.**

## ૫. વિવિધ કોર્ટ કેસોના નિયુક્ત કરેલ વકીલ બાબત :

યુનિવર્સિટી સમક્ષ ઉભી થયેલ કાયદેસરની વિવિધ કાર્યવાહી માટે વકીલની નિમણૂંક કરવી આવશ્યક હતી. હાલે સીવીલ એપ્લીકેશન નંબર :૧૬૧૯૪: , :૧૪૫૮૦ : તથા ગોરસિયા એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.ડી.કોલેજ ઓફ એજ્યુકેશન,હરીપર–ભુજ સંબંધિત કોર્ટ કેસ માટે વકીલોની નિયુક્તિ કરવાની જરૂરિયાત હોતાં, અનુક્રમે સીવીલ એપ્લીકેશન નંબર :૧૬૧૯૪: , :૧૪૫૮૦ : માટે વકીલ શ્રી ઈન્દ્રવદન પરમાર, તથા વકીલ શ્રી .......... આડેસરાની નિયુક્તિ કરવામાં આવેલ હતી જે બહાલ રાખવા અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૫ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સમક્ષ ઉભી થયેલ કાયદેસરની વિવિધ કાર્યવાહી માટે કરવામાં આવેલ વકીલોની નિમણૂંકને તથા થનાર ખર્ચને આથી બહાલ રાખવામાં આવે છે.**

**૬. યુનિવર્સિટી કેમ્પસ ખાતે સ્ટાફ કવાર્ટસ બિન–શૈક્ષણિક સ્ટાફને ફાળવણી કરવા નિર્ણય બાબત :**

યુનિવર્સિટી કેમ્પસ પર A B & C ટાઈપનાં સ્ટાફ કવાર્ટસ તૈયાર થઈ ગયેલ છે તે સંબંધે નિયમિત પગાર ધોરણે ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફ, સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા અભ્યાસક્રમો સંદર્ભે કરાર આધારિત પધ્ધતિથી નિમણૂંક મેળવી ફરજ બજાવતાં શૈક્ષણિક સ્ટાફ તથા કરાર આધારિત પધ્ધતિથી નિમણૂંક પામેલ બીન શૈક્ષણિક સ્ટાફે આ સ્ટાફ કવાર્ટસ મેળવવા નિયત નમૂનામાં અરજી કરેલ છે તેઓની અરજી અંગે કવાર્ટસ ફાળવણી માટે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, U.G.C. / સરકારશ્રીનાં દરખાસ્ત મુજબ સ્ટાફ કવાર્ટસ નિયમિત પગાર ધોરણે ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફને જ સ્ટાફ કવાર્ટસ ફાળવવા.**

**૭. પરીક્ષા સંબંધિત રેકોર્ડ સાચવણીના અહેવાલ બાબત :**

યુનિવર્સિટી પરીક્ષાઓનાં પરિણામો જાહેર થયા બાદ,ઉપયોગમાં લેવાઈ ચૂકેલ ઉત્તરવહીઓના નિકાલ,અન્ય પસ્તીના નિકાલ તથા જુદા જુદા વિભાગો ખાતેનાં રેકર્ડનાં યોગ્ય નિકાલ કરવા અંગેનાં નીતિ નિયમો ઘડવા માટે ગત તારીખ ૨૯મી સપ્ટે.૨૦૧૮નાં રોજ મળેલ એક્ઝિક્યૂટીવ કાઉન્સિનાં ઠરાવ ક્રમાંક : ૧૩ : મુજબ રચાયેલ સમિતિ દ્વારા રજૂ થયેલ અહેવાલ બહાલી તથા અમલીકરણ સંબંધે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગમી સભામાં ચર્ચા વિચરણા અર્થે ફેર રજૂઆત કરવી.**

**૮. કરાર આધારિત બિન–શૈક્ષણિક કર્મચારીઓની અને પુરા પગાર ધોરણમાં સમાવવાની રજૂઆત બાબત :**

યુનિવર્સિટી ખાતે કરાર આધારિત પધ્ધતિ અંતર્ગત ફિક્સ પગાર ધોરણે નિમાયેલ અને પાંચ વર્ષ પૂર્ણ થયા બાદ પણ સળંગ ફરજ બજાવતાં બીન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા તેઓને સાતમા પગાર પંચ મુજબ પુરા પગાર ધોરણમાં સમાવવા માટે થયેલ રજૂઆત અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૮ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, કરાર આધારિત પધ્ધતિ અંતર્ગત ફિક્સ પગાર ધોરણે નિમાયેલ બિન–શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા સાતમા પગાર પંચ મુજબ પુરા પગાર ધોરણમાં સમાવવા માટે થયેલ રજૂઆત, નાણાકીય ભારણને ધ્યાને લેતાં ગ્રાહ્ય રાખી શકાય નહી.**

**૯. ગુજરાત સરકારશ્રી દ્વારા ફાળવેલ ૧૦ કરોડની ગ્રાન્ટની આગળની પ્રક્રિયા અન્વયે ટેન્ડરની પ્રક્રિયા તથા કન્સલ્ટન્ટની નિમણૂંક કરવા બાબત :**

ગુજરાત સરકારશ્રી વતી પરીક્ષા કેન્દ્ર તથા વિદ્યાર્થી વિકાસ કેન્દ્રની તથા વિવિધલક્ષી સુકુલની સગવળતા ઉભી કરવા માટે રૂપિયા દશ કરોડની ગ્રાન્ટ તેઓનાં પત્ર ક્રમાંક :ક્રમાંક/સરચ/૨૩૧૭/ COHE / ન.બ./ ૧૫૮–ખ–૨ તા. ૩૦/૧૦/૨૦૧૮ મરફતે ફાળવવામાં આવેલ છે જે સંદર્ભે આગળની કાર્યવાહી અંતર્ગત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની રહે છે તથા કન્સલ્ટન્ટ (PMS)ની નિમણૂંક કરવાની રહેતી હોય તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૯ : આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા ભવન તથા વિદ્યાર્થી વિકાસ કેન્દ્રની સગવળતા ઉભી કરવા માટે રૂપિયા દશ કરોડની ફાળવેલ ગ્રાન્ટ અન્વયે આગળની કાર્યવાહી હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રિયા તથા કન્સલ્ટન્ટ (PMS)ની નિમણૂંક કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે. તથા સદર કાર્યવાહીની દેખરેખ માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.**

૧. શ્રી પ્રવિણભાઈ પિંડોરીયા
– એકિઝ.કાઉ.નાં સભ્યશ્રી

૨. પ્રો.ડૉ.શ્રી પી. એસ.હિરાણી
–એકિઝ.કાઉ.નાં સભ્યશ્રી તથા ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.

૩. ર્ડા.એ.એચ.ગોર.
–વ્યાખ્યાતા,શ્રી આર.આર.લાલન કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,ભુજ

**૧૦ રૂા. ૩૦ લાખની પાણીની ટાંકીની ગ્રાન્ટ અન્વ્યે ટેન્ડરની પ્રક્રિયા અને કન્સલ્ટન્ટની નિમણૂંક કરવા બાબત :**

પાણીની ટાંકીની સગવળતા ઉભી કરવા માટે રૂપિયા ત્રીસ લાખની ગ્રાન્ટ પત્ર ક્રમાંક : /સરચ/૨૩૧૭/ COHE / ન.બ./ ૧૫૮–ખ–૨ તા. ૩૦/૧૦/૨૦૧૮મરફતે ફાળવવામાં આવેલ છે જે સંદર્ભે આગળની કાર્યવાહી અંતર્ગત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની રહે છે તથા કન્સલ્ટન્ટ (PMS)ની નિમણૂંક કરવાની રહેતી હોય તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૦ : આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, પાણીની ટાંકીની સગવળતા ઉભી કરવા માટે રૂપિયા ત્રીસ લાખની ફાળવેલ ગ્રાન્ટ અન્વયે આગળની કાર્યવાહી હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રિયા તથા કન્સલ્ટન્ટ (PMS)ની નિમણૂંક સંબંધિત આગળની કાર્યવાહી હાથ ધરવી.**

**૧૧. રૂા.૧ કરોડની ગ્રાન્ટ અન્વયે ટેન્ડરની પ્રક્રિયા અને કન્સલ્ટન્ટની નિમણૂંક કરવા બાબત :**

માનનીય અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)નાં અધ્યક્ષ સ્થાને ૧૨/૧૦/૨૦૧૮નાં રોજ યોજાયેલ બેઠકની નોંધ શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક બજટ.ચા.બા.૧૨૧૭–૧૭૨ ખ.૨ તા. ૧૦/૧૧/૨૦૧૮ દ્વારા મળેલ છે તે મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭માં વર્ચ્યુલ સેનેટ હોલ અને બેઠક રૂમના નવીનીકરણના કામ માટે ફાળવેલ રૂપિયા ૧ કરોડની ગ્રાન્ટનાં કામકાજ માંથી બચત રહેતી રકમ માંથી નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં ઈલેક્ટ્રીક કેબલની પ્રથમ તબક્કાની કામગીરી માટે હેતુ ફેર કરવાની મંજૂરી આપવામાં આવેલ હોય, જરૂરી કાર્યવાહી હાથ ધરવા યુનિવર્સિટીને જણાવવામાં આવેલ હોય, સદર કાર્યવાહી અંતર્ગત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની રહે છે તથા કન્સલ્ટન્ટ (PMS)ની નિમણૂંક કરવાની રહેતી હોય તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૧ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર કામગીરી માટે અગાઉનાં કન્સલ્ટન્ટ (PMS) ચાલુ રાખવા તથા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવી.**

### ૧૨. મેઈન ગેટ,સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ,યુટીલીટી સેન્ટર પાસે ટોયલેટ બ્લોક અને વોટર બ્લોક, ઓડિટોરિમ વગેરેનું પ્રેઝેટેશન બાબત :

મેઈન ગેટ,સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ,યુટીલીટી સેન્ટર પાસે ટોયલેટ બ્લોક અને વોટર બ્લોક, ઓડિટોરિમ વગેરે નું પ્રેઝનટેશન કરવમાં આવેલ જે અંગે સમીક્ષા કરવા તથા આગળની કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૨ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઉક્ત વિગતે સમીક્ષા બાદ પ્લાન તૈયાર કરવા અંગે કામગીરી હાથ ધરવી.**

### ૧૩. ઓલ્ડ પેટર્ન વાળા વિદ્યાર્થીઓની પરીક્ષા બાબત :

ઓલ્ડ પેટર્નના વિદ્યાર્થીઓ કે જેઓને બે પ્રયત્ન બાદ પણ એટીકેટી/ કોપીકેસ/ સજાપૂર્ણ ના કારણે બાકી રહેતા ઓલ્ડ પેટર્નના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ યોજવાની થાય છે જેની મંજૂર અર્થે તથા ત્યાર બાદ આ પેટર્નની પરીક્ષાઓ બંધ કરવા બાબત અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૩ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નીચે દર્શાવેલ કોષ્ટક મુજબનાં અભ્યાસક્રમો કે જે અભ્યાસક્રમો ક્રમશઃ શરૂ થયેલ છે તેથી તેની પરીક્ષાઓ તે રીતે ક્રમશઃ નીચે મુજબની પેટર્ન બંધ કરવાપાત્ર બને છે. અન્ય તમામ ઓલ્ડ પેટર્નના અભ્યાસક્રમોની પરીક્ષાઓની છેલ્લી તક આપી પરીક્ષા બંધ કરવી. આ તમામ પરીક્ષાઓ ડિસે./જાન્યુ માં યોજવાની રહેશે.**

શૈક્ષણિક કાર્યને ખલેલ ન પહોચે તે હેતુથી આ વિદ્યાર્થીઓની પરીક્ષા સેમેસ્ટર ૧,૩ અને ૫ની એક જ દિવસે યોજવી તથા તેના પેપર છપામણી માટેની સત્તા પરીક્ષા નિયામકશ્રી તથા ડીનશ્રીઓની રહેશે.

| Sr. No. | Course | Pattern | Semester wise Last Event | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | Oct-Nov-18 | Mar-Apr-19 | Oct-Nov-19 | Mar-Apr-20 | Oct-Nov-20 | Mar-Apr-21 |
| 1 | B.Sc. | 2011 | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 2 | B.C.A. | 2011 | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 3 | M.Sc. | Subject wise Old Pattern | 1 | 2 | 3 | 4 | | |
| 4 | M.Sc. (IT) | 2011 | 1 | 2 | 3 | 4 | | |
| 5 | M.Sc. (CA & IT) | 2010 | 1,3,5,7,9 | 2,4,6,8,10 | | | | |
| 6 | PGDCA | 2011 | 1 | 2 | | | | |
| 7 | PGD IR & HRD | 2015 | 1 | 2 | | | | |
| 8 | PGDHRM | - | 1 | 2 | | | | |
| 9 | M.B.A. (R) | 2009 | 1 | 2 | 4 | | | |
| 10 | M.B.A. (Intl.) | 2010 | 1,7 | 2,8 | 3,9 | 4,10 | 5 | 6 |
| 11 | M.Com. | 2011, 2012 | 1 | 2 | 3 | 4 | | |
| 12 | B.A. | 2011, 2012 | 1,3,5 | 2,4,6 | | | | |
| 13 | M.A. | 2011, 2012 | 1,3 | 2,4 | | | | |
| 14 | M.L.W. | 2013 | 1,3 | 2,4 | | | | |
| 15 | M.S.W. | 2010 | 1,3 | 2,4 | | | | |
| 16 | M.P.A. | 2010 | 1,3 | 2,4 | | | | |

મર્સ વિદ્યાશાખાનાં સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં કોમર્સ વિદ્યાશાખાના વિષયોની પેટર્નમાં કોઈ ફેરફાર ન હોતા તે હાલે યથાવત રહે છે. કોમર્સ વિદ્યાશાખાના અભ્યાસક્રમોમાં આર્ટ્સ વિદ્યાશાખાના વિષયોને ક્રમશઃ તક આપી બંધ કરવા ઠરાવવામાં આવે છે.

## ૧૪. પરીક્ષા માટે વાહન ભાડાના ઓફ લાઈન ટેન્ડર પ્રક્રિયા કરવા બાબત :

પરીક્ષા કામગીરી સંબંધે વાહનની સગવડતા હાલે ભાડા પધ્ધતિથી ઉભી કરવામાં આવેલ છે અને તે માટે ટેન્ડર પ્રક્રિયા યોજી વર્ક ઓર્ડર ફાળવવામાં આવે છે સદર કાર્યવાહી અંતર્ગત ગત તા.૨/૧૦/૧૮ના રોજ ઈ–ટેન્ડર બહાર પાડવામાં આવેલ હતા, નિયત સમય મર્યાદા પૂર્ણ થયા છતાં કોઈ પણ પાર્ટીએ ટેન્ડર ભરેલ ન હોય સદર વ્યવસ્થા ઉભી કરવા માટે આગળની કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૪ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઉક્ત પરિસ્થિતને ધ્યાને લેતાં ઓફ લાઈન ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી પરીક્ષા કામગીરી માટે ભાડાનાં વાહનની વ્યવસ્થા ઉભી કરવી.

## ૧૫. વર્ષ ૨૦૧૮–૧૯ના જોડાણ જાહેરનામા સરકારશ્રી માંથી મેળવવા અંગે :

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ અન્વયે સંલગ્ન અભ્યાસક્રમો માટે જોડાણ જાહેરનામા મેળવવા માટે રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવાની રહે છે માટે સદર કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૫ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે સંલગ્ન અભ્યાસક્રમોના મેળવવાપાત્ર જોડાણ જાહેરનામા અન્વયે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

વધુમાં, નર્સિંગ કોલેજ ખાતે ચાલતા બી.એસસી.–નર્સિંગ અભ્યાસક્રમનું જાહેરનામુ બહાર પડેલ ન હોય,અને વિદ્યાર્થી પ્રવેશ થયેલ ન હોય સંબંધિત કોલેજ પાસેથી Undertaking મેળવી આગળની કાર્યવાહી હાથ ધરવી.

## ૧૬. વર્ષ ૨૦૧૯–૨૦ માં ચાલુ જોડાણની એલ.આઈ.સી. કરવા અંગે :

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ અન્વયે સંલગ્ન અભ્યાસક્રમો માટે જોડાણ સંબંધે સ્થાનિક તપાસ સમિતિઓની રચના કરવાની રહે છે, સદર કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૬ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે સંલગ્ન જોડાણ માટેની કાર્યવાહી સબબ નિમવાની થતી સ્થાનિક તપાસ સમિતિની રચના પ્રક્રિયા કરવી.

## ૧૭ અને ૧૮. વર્ષ ૨૦૧૯–૨૦ માં નવા કોર્ષની શરૂ કરવા અંગે :

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ અન્વયે નવા અભ્યાસક્રમો શરૂ કરવા માટે મળેલ જોડાણ અરજીઓ સંબંધે, આ અભ્યાસક્રમો શરૂ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૭ અને ૧૮:** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦થી નવા જોડાણ મેળવી અભ્યાસક્રમો શરૂ કરવા મળેલ જોડાણ અરજીઓ સંબંધે હાથ ધરવાની થતી કાર્યવાહી અંતર્ગત સ્થાનિક તપાસ સામિતિની રચના પ્રક્રિયા કરવી.**

**૧૯. યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ કેન્ટીનના ભાડા વસુલવા બાબત :**

યુનિવર્સિટી કેમ્પસ પરનાં યુટીલીટી બિલ્ડીગ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી ટેન્ડર પ્રક્રિયા યોજી કેન્ટીનની વ્યવસ્થા ઉભી કરવમાં આવેલ હતી અને આ કામગીરી શ્રી પ્રહલાદસિંહ જાડેજાને ફાળવવામાં આવેલ હતી, જે તે સમયે નિયત થયેલ શરતોને આધિન ચૂકવવાપાત્ર ભાડાની રકમ સંદર્ભિત પાર્ટીની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવેલ હોવા છતાં તા.૧/૪/'૧૬ થી તા. ૩૧/૦૩/'૧૭ અને તા.૧/૪/'૧૭ થી તા. ૩૧/૦૩/'૧૮ સુધીનાં ભાડા તથા લાઈટ ખર્ચની વસુલી માટે હાથ ધરાયેલ કાર્યવાહી બાદ પણ પાર્ટીએ ભાડા તથા લાઈટ ખર્ચની રકમનું ચૂકવણું કરેલ નથી તો સદર કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૯ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઉક્ત વિગતે વસૂલ કરવાપાત્ર ભાડા તથા લાઈટ ખર્ચની રકમ સંદર્ભે પાર્ટીની ડિપોઝીટ રકમ જપ્ત કરવી તથા બાકી રહેતી રકમ વસુલી માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી.**

**૨૦. હોસ્ટેલ કમિટી તથા પબ્લીકેશન કમિટીની રચના તથા સભ્યશ્રીઓની નિયુકતી કરવા બાબત :**

યુનિવર્સિટી સ્ટેચ્યુટ તથા ઓર્ડિનન્સ મુજબ બોર્ડ ઓફ હોસ્ટેલ મેનેજમેન્ટ તથા પબ્લિકેશન બોર્ડની રચના કાર્યવાહી સંદર્ભે હાથ ધરાયેલ કામગીરી બાદ માનનીય કુલપતિશ્રીએ કરવાની થતી નિયુક્તિ તથા હોદ્દાગત સ્થાન સાથેની કમિટીની રચના કામગીરી બાદ તૈયાર થયેલ આ કમિટીઓની યાદી બહાલ રાખવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૨૦ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્ટેચ્યુટ તથા ઓર્ડિનન્સ મુજબ બોર્ડ ઓફ હોસ્ટેલ મેનેજમેન્ટ તથા પબ્લિકેશન બોર્ડની રચના કાર્યવાહી પૂર્ણ થતાં આ કમિટીઓને બહાલ રાખવામાં આવે છે.**

**અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

(૧) પીએચ.ડી. કોર્ષ વર્કના માળખાને બહાલી બાબત.

**ઠરાવ : ૨૧ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી.ની ગાઈડલાઈન-૨૦૧૬ અન્વયે નિયત થયેલ પીએચ.ડી. કોર્ષ વર્કનું માળખુ, યુનિવર્સિટી રીર્સચ એન્ડ ડેવલપમેન્ટ સેલ મારફતે તૈયાર થયેલ છે જેને આથી બહાલ રાખવામાં આવે છે.

(૨) પીએચ.ડી. પ્રોગ્રામ અંતર્ગત આવતા વિષય નિષ્ણાત અને રેફરીના મહેનતાણા બાબત.

**ઠરાવ : ૨૨ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. અભ્યસક્રમ માટે ઈન્ટરનલ અને એક્સર્ટનલ વિષય નિષ્ણાંતો તથા રેફરીની કરવાની થતી નિમણૂકો અન્વયે ચૂકવવાપાત્ર મહેનતાણા તથા વાહન ભથ્થા તરીકે અનુક્રમે દોઢ કલાકનાં રૂા.૧૫૦૦/– તથા કાર ભાડા નીતિ નિયમો મુજબ ચૂકવવા.

(૩) એમ.ફીલ.અભ્યાસક્રમ ગ્રાન્ટ –ઈન–એડ ધોરણે તથા સત્ર દીઠ ફીને બહાલ રાખવા બાબત.

**ઠરાવ : ૨૩ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, એમ.ફીલ.અભ્યાસક્રમ ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે ચલાવવાનું નિયત થયેલ હોઈ, સદર અભ્યાસક્રમ માટે વિદ્યાર્થી પાસેથી સત્ર દીઠ નીચેની વિગતે ફી વસૂલ કરવા હાથ ધરાયેલ કાર્યવાહીનેઆથી બહાલ રાખવામાં આવે છે.

| ક્રમ | ફીનો પ્રકાર | સત્રદીઠ રકમ |
|---|---|---|
| ૧. | ટ્યુશન ફી | રૂા.૪૩૦૦/– |
| ૨. | લાયબ્રેરી ફી | રૂા. ૨૫૦/– |
| ૩. | એનરોલમેન્ટ ફી –એક વખત | રૂા. ૨૫૦/– |
| ૪. | સ્પોર્ટસ ફી | રૂા. ૧૦૦/– |
| ૫. | ડેઝરટેશન ફી | રૂા. ૫૦૦/– |
| ૬. | ડેવલોપમેન્ટ ફી–એક વખત | રૂા.૧૦૦/– |
| ૭. | અન્ય ફી | રૂા.૩૫૦/– |

વધુમાં વિદ્યાર્થીઓ પાસેથી કોર્ષ વર્ક ફી પેટે રૂા. ૨૦૦૦/– વસુલ કરવાના રહેશે.

(૪) નાણા સમિતિ તથા ખરીદ સમિતિની સભાનોધને બહાલી આપવા બાબત.

**ઠરાવ : ૨૪ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,તા.૩૦/૧૦/૧૮ તથા તા. ૧/૧૧/૧૮નાં રોજ મળેલ નાણા સમિતિ,ખરીદ સમિતિ તથા બિલ્ડીંગ સમિતિની સભાનોંધોને આથી બહાલ રાખવામાં આવે છે.

(૫) ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સની પરીક્ષા ફીની રજૂઆત બાબત.

**ઠરાવ : ૨૫ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઉક્ત સ્વનિર્ભર સંસ્થા ખાતે ચાલતા એમ.બી.બી.એસ. અભ્યાસક્રમ માટેની પરીક્ષા ફીનાં દરો ઘટાડવા સંબંધે સમીક્ષા કરવી.

(૬) એડ્જંક્ટ ફેકલ્ટી બજેટ બાબત.

**ઠરાવ : ૨૬ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેલની એડ્જંક્ટ ફેકલ્ટીની સેવાઓ લેવા માટે તા.૨૦/૧૧/૧૮નાં પત્ર મુજબ થયેલ તમામ રજૂઆતોને આથી બહાલ રાખવામાં આવે છે અને એડ્જંક્ટ ફેકલ્ટીને જો ૨૦ વ્યાખ્યાન લેવામાં આવે તો પણ, વ્યાખ્યાન દીઠ રૂા.૧૦૦૦/– માનદ્વેતન ચૂકવવાપાત્ર બનશે તથા એક માસની સમય મર્યાદામાં લેવાયેલ વ્યાખ્યાનો માટે રૂા.૨૫૦૦૦/–ની નાણાકીય મર્યાદા રહેશે.

(૭) સ્વનિર્ભર વિભાગોમાં ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફનો ઈપીએફ કપાતની રજૂઆત બાબત.

**ઠરાવ : ૨૭ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા અભ્યાસક્રમો સંબંધે ફીક્ષ પગારથી નિમાયેલ શૈક્ષણિક સ્ટાફ મારફતે ઈ.પી.એફ.ની કપાત કરવા થયેલ રજૂઆત સંબંધે પી.એફ.કન્સલ્ટન્ટની સલાહ લેવી.

(૮) ઓકટો/નવે ૨૦૧૮ની પરીક્ષા માટે પરીક્ષા શુધ્ધિ સમિતિની રચના કરવા બાબત.

**ઠરાવ : ૨૮ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઓકટો/નવે ૨૦૧૮ની પરીક્ષા સંબંધે નોંધાયેલ કોપી કેસોનાં નિવારણ અર્થે પરીક્ષા શુધ્ધિ સમિતિની નીચેની વિગતે રચના કરવામાં આવે છે.

| ક્રમ | સમિતિ સભ્યનું નામ અને હોદ્દો | |
|---|---|---|
| ૧. | પ્રો.ર્ડા. ડી.સી.ધોળકીયા<br>ભાષા ભવન,કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ –કચ્છ. | –અધ્યક્ષશ્રી |

૨. ડૉ.શ્રી એસ.જી.ધર્માણી —સભ્યશ્રી
આચાર્યશ્રી,ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર – કચ્છ.

૩. ડૉ.શ્રી એમ.કે.પંડયા – સભ્યશ્રી
આર્ચાશ્રી, ગાંધીધામ કોલેજીએટ બોર્ડ સંચાલિત તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર – કચ્છ.

૪. ડૉ.એલ.વી.ફફલ – સભ્યશ્રી
આચાર્યશ્રી,આર.ડી.એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ.ડી. શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન, મુન્દ્રા–કચ્છ.

(૯) બાંધકામ શાખાની રજૂઆત.

**ઠરાવ : ૨૯ :** બાંધકામ શાખાની તા. ૨૨/૧૧/૧૮નાં પત્રથી થયેલ રજૂઆત મુજબ નીચેની વિગતે ઠરાવવામાં આવે છે.

૧. સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ની કામગીરીનાં કોન્ટ્રક્ટર દ્વારા ભાવ ડિફરન્સ મેળવવા થયેલ રજૂઆત સંબંધે કન્સલ્ટન્ટનો અહેવાલ હકારાત્મક મળતાં આ બાબતે યોગ્ય સમીક્ષા કરવા માટે શ્રી પ્રવિણભાઈ પિંડોરીયા – એક્ઝિ.કાઉ.નાં સભ્યશ્રીની નિમણૂક કરવી.

૨. રામદેવ કોન્સટ્રક્ટર દ્વારા સ્ટ્રોમ વોટર ડ્રેઈન કામગીરીનાં ફાયનલ બીલનાં થયેલ ચૂકવણાને આથી બહાલ રાખવામાં આવે છે.

૩. ભુમિ પ્રોકોન દ્વારા પ્લમ્બવીંગ રીપેરીંગ કામગીરીનાં ફાયનલ બીલનાં થયેલ ચૂકવણાને આથી બહાલ રાખવામાં આવે છે.

૪. રાજપૂતાના કન્સ્ટ્રક્ટર, રામદેવ કન્સ્ટ્રકટર તથા સર્જન કન્સ્ટ્રકટરનાં કેમ્પસ પર ચાલતા બાંધકામની સમય મર્યાદા લંબાવવા કરેલ રજૂઆતની સમીક્ષા શ્રી પ્રવિણભાઈ પિંડોરીયા – એક્ઝિ.કાઉ.નાં સભ્યશ્રી એ કરવાની રહેશે.

(૧૦) વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલ યજમાન પદ મેળવવા અને આયોજન કરવા બાબત.

**ઠરાવ : ૩૦ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, એસોસીયેશન ઓફ ઈન્ડીયન યુનિવર્સિટી દ્વારા અયોજીત વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલનું યજમાન પદ મેળવવા માટે કાર્યવાહી હાથ ધરવા આથી બહાલી આપવામાં આવે છે.

(૧૧) ઈન્ટર યુનિવર્સિટી સ્પોર્ટસ સ્પર્ધાનો યજમાન પદ મેળવવા અને આયોજન કરવા બાબત.

**ઠરાવ : ૩૧ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઈન્ટર યુનિવર્સિટી સ્પોર્ટસ સ્પર્ધાનું યજમાન પદ મેળવવા માટે કાર્યવાહી હાથ ધરવા આથી બહાલી આપવામાં આવે છે.**

(૧૨) સ્પોર્ટસ –કલ્ચરલ એકટીવીટી માટે ૪૫ થી ૫૦ સીટવાળી બસ વસાવવાની રજૂઆત બાબત.

**ઠરાવ : ૩૨ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, રમત–ગમત તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સંદર્ભે વહાન વ્યવાહારની વ્યવસ્થા ઉભી કરવા માટે હાલના તબક્કે આઉટ સોર્સથી સેવાઓ મેળવવી.**

(૧૩) પરીક્ષાઓ સંદર્ભે બેઠક વ્યવસ્થા ગોઠવવા બેન્ચોની ખરીદી કરવા બાબત.

**ઠરાવ : ૩૩ :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, હાલે પરીક્ષાઓ સંદર્ભે બેઠક વ્યવસ્થા ગોઠવવા બેન્ચોની ઉભી થયેલ જરૂરિયાતને પહોચી વળવા માટે જરૂરિયાત અનુસારની ખરીદી ખાદી ભંડાર માંથી કરવી.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

ઈ/ચા કુલસચિવ
ક્રે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
ભુજ–કચ્છ.

---